## સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

*સૌથી ઊંચાં પૂતળાં સ્થાપવાની હોડ લાગી છે,*
*સાવ સસ્તી પ્રસિદ્ધિ પામવાની તોડ લાગી છે.*
*ખોડ છે મોટી એમના આદર્શ સુધી પ્હોંચવાની -*
*એમની છાયામાં ઢંકાઈ જવાની દોડ લાગી છે!*

હાઈકુ

*કરે પ્રયત્ન*
*વૈતરણી તરવા -*
*તરણા ઓથે...*

*કોઈની કાંધે*
*ચઢે પગ દઈને*
*સત્તા ખૂરશી...*

### ચિંતન

*ન હિ જ્ઞાનેન સદૃશં પવિત્રમિહ વિદ્યતે ।*

ઉપરોક્ત શ્લોક નીતિશતકમાંથી લેવામાં આવેલ છે.

જ્ઞાન જેવું પવિત્ર આ જગતમાં બીજું કશું નથી.

સમયક્ જ્ઞાન દ્વારા ઈષ્ટદેવની અને આત્માની અનુભૂતિ થાય છે. જ્ઞાન અતિ પવિત્ર છે. પરંતુ જો જ્ઞાનનું અભિમાન કરવામાં આવે તો વ્યક્તિનું પતન થાય છે. જ્ઞાનરૂપી સર્વોત્તમ ઔષધિ તો સમજણમાં ઊતરે તો જ અન્યને આપી શકાય. જ્ઞાન સમુદ્ર જેવું અગાધ અને ઊંડું છે. જ્ઞાનને પચાવવા માટે ચિંતન, મનન અને નિદિધ્યાસન જરૂરી છે. જ્ઞાનનું મૂળ પરિસ્થિતિના પૃથ્થકરણમાં એન માથાની સમજણમાં કહેલું છે. માટે જેની સમજમ મોટી તે મોટો અને જ્ઞાની કહેવાય. જો જ્ઞાની હોય અને જ્ઞાતાની એકરૂપતા થાય, ત્રણેય સુભગ સમન્વય થાય તો આત્મા - પરમાત્મા બની જાય છે.

માટે જે જ્ઞાની હોય તેણે મોહ-માયા, રાગ-દ્વેષ અહંકાર આદિ સંપૂર્ણપણે દૂર કરવાં જોઈએ.

### સુવિચાર

- છોડવા જેવું કંઈ હોય તો બીજાને નીચા દેખાડવાનું છોડી દો - **પ્રમુખ સ્વામી**
- માત્ર એક મુખપૃષ્ઠ જોઈને કદી, કોઈ કયાં વાંચી શકતું છે ચોપડી - **રીનલ પટેલ**
- એકાંત પ્રિય લાગવા માંડે ત્યારે સમજવું કે આપણા માટે દ્વાર ઊઘડી રહ્યાં છે - **એસ. ભટ્ટાચાર્ય**
- આ દુનિયામાં બીજાની આઝાદીનું રક્ષણ કરીને જ તમે તમારી આઝાદીનું રક્ષણ કરી શકો છો. હું આઝાદ તો જ તમે આઝાદ - **જોન બીલીટ**
- પેગંબરો ઈતિહાસની બહાર રહીને ઈતિહાસ સર્જે છે - **ડો. રાધાકૃષ્ણન્**
- ઈશ્વર મહામલ્લ જેવો છે, જુવાનીમાં તમે એને પછાડો છો પણ ઘડપણમાં, તે તમને પછાડી દેશે એની બીલ લાગે છે એટલે તમે એને રીઝવવાનું શરુ કરો છો - **ફ્રાઘર વાલેસ**
- આજનું ઔષધ : પાકું કેળું સહન થાય એટલું ગરમ કરી ગુમડા પર બાંધવાથી રૂઝ જલ્દી આવે છે.

**(સંકલન : દિપક વી. આશરા)**

### બોધકથા

મુલત્વી રાખવાના માઠાં ફળષ કોઈ કામને સમયસર પુરુ કરવાની બદલે એને સતત ટાળ્યા કરીએ તો મુશ્કેલી થાય. એટલે જ કહેવાય છે ને કે કલ કરે સો આજ કર, આજ કરે તો અબ.

વેપારી પોતાના ગામથી બાજુના શહેરમાં ખરીદી કરવા બળદ ગાડાનો ઉપયોગ કરતો. એકવાર શહેરમાં જતા વિચાર આવ્યો કે જો મારી પાસે ઘોડો હોય તો મુસાફરીનો સમય બચે. આમ વિચારી શહેરમાંથી એક ઘોડો ખરીદ્યો. વેપારીએ ઘોડો વેચનારને પૂછ્યું, 'આ ઘોડો મને લાંબો સમય સુધી સાથ આપે માટે એની શી સંભાળ લેવી જોઈએ.' ઘોડા વાળો કહે, 'સારો ઘાસચારો, ખણા ખવડાવજો અને ઘોડાના પગે જે નાળ બંધાયેલી હોય તે સમયસર બદલતા રહેજો.'

ઘોડાને કારણે વેપારીની સફર સરળ બની ગઈ. એકવાર ઘોડાની નાળ ઘસાયેલી જોઈ છતાં ઘોડા પર બેસી જંગલમાં થઈને શહેર તરફ જવા નીકળ્યો એને એમ વિચાર્યું કે આવતા અઠળાડિયે નાળ બદલાવી લઈશ, હમણાં ચાલશે અને ખર્ચો કરવો નથી. જંગલમાં જ ઘોડાની ચાલ ધીમી પડી ગઈ અને પાછળથી લુંટારુની ટોળકી આવી અને પૈસા તથા સામાન લૂંટી લીધા. વેપારીને પસ્તાવો થયો કે ઘોડાની નાળ બદલાવી નાખી હોત તો ઘોડાને ઝડપથી ભગાવીને પોતે સામાન તથા પૈસા બચાવી શક્યો હોત.

# પુરાવર્તન કે પરિવર્તન

**તંત્રીસ્થાનેથી...**

મુખ્ય ચૂંટણી કમિશનર અચલ કુમાર ચૂંટણીનું જાહેરનામું બહાર પાડ્યું અને બે તબક્કે સંપન્ન થનાર ચૂંટણીનું પરિણામ પણ હિમાચલ પ્રદેશની વિધાનસભાની ચૂંટણીના પરિણામ સાથે જ ૧૮ ડિસેમ્બરે જાહેર થાય એવું આયોજન કર્યું છે જેથી હિમાચલ પ્રદેશમાં થનાર ચૂંટણીનાં પરિણામોની ગુજરાતની ચૂંટણી પર અસર ન પડે. ચૂંટણી કમિશનર બંધારણીય એકમ છે, જેની આગવી ગરિમા ઊભી કરવામાં ભૂતપૂર્વ ચૂંટણી કમિશનર ટી.એન. શેષનનો સિંહફાળો રહ્યો છે. એમણે જે ચીલો પાડ્યો છે એને એમના અનુગામી ચૂંટણી કમિશનરો શક્ય એટલી ચીવટપૂર્વક વળગી રહ્યા છે, તે ભારતીય લોકશાહી માટે આશ્વાસનરૂપ ઘટના છે. જો કે એ.કે. જોતિની મુખ્ય ચૂંટણી કમિશનર પદે નિમણૂંદ થતાં બિન ભાજપી રાજકીય પરિબળોમાં છૂપી ચણભણ તો શરૂ થઈ જ ગઈ હતી. ગુજરાતના મુખ્ય સચિવ પદેથી નિવૃત્ત થનાર સનદી અધિકારીને આ રાષ્ટ્રીય મહત્ત્વની જવાબદારી સોંપાઈ છે ત્યારે સ્વાભાવિક રીતે જ ગુજરાતની ચૂંટણીઓ કોઈ પણ પ્રકારની ગરબડ અને પક્ષપાત વગર પાર પડે એવી અપેક્ષા રહેશે. વિધાનસભાની કુલ ૧૮૨ બેઠકો પૈકી કચ્છ, સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતની ૮૯ બેઠકોની ચૂંટણીનું પહેલા તબક્કાનું મતદાન ૯ ડિસેમ્બરે સંપન્ન થશે અને ઉત્તર ગુજરાત તથા મધ્યગુજરાતની ૯૩ બેઠકોનું બીજા તબક્કાનું મતદાન ૧૪ ડિસેમ્બરે યોજાશે. આ વખતની ચૂંટણી બેઉ પ્રતિસ્પર્ધી રાજકીય પક્ષો માટે પ્રતિષ્ઠાની બાબત બની રહેલ છે. કોંગ્રેસ વર્ષો પછી ગાંધીનગરના સચિવાલયમાં કમબેક કરવા આતુર છે અને આ ચૂંટણીમાં સફળતા સાંપડશે તો કોંગ્રેસના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી માટે પણ એ ઘટના એમની કારકિર્દીનો શુકનિયાળ વળાંક સાબિત થશે. રાહુલ ગાંધીએ કોંગ્રેસની દુર્દશાનું પૃથ્થકરણ કરાવી એના એક મહત્ત્વના કારણ તરીકે લઘુમતીના તુષ્ટીકરણનો મનોમન સ્વીકાર કરી લીધો લાગે છે. એથી બહુમતી હિંદુ સમાજ પર પડતી રહેલી પ્રતિકૂળ અસરને ખાળવા એમને સોફ્ટ હિંદુત્વની લાઈન લીધી છે. તેઓ અત્યાર લગી દ્વારિકાધીશથી લઈ ભાથી ખત્રી સુધીનાં મંદિરોની મુલાકાત લઈ ચૂક્યા છે. ચોટીલાનાં ચામુંડાની ટેકરી ચડી આવ્યા છે અને એમના તમામ રોડ શૉ સફળ રહ્યા છે. છેલ્લે ગાંધીનગરના રામકથા મેદાનમાં અલ્પેશ ઠાકોર સાથેની સભા પછી ઘણું બધું વાતાવરણ સુધર્યું છે. કોંગ્રેસની તરફેણમાં જઈ રહેલા જનમતને ખાળવા ભાજપ જીવ સટોસટ પુરુષાર્થ કરી રહ્યું છે, પરંતુ ગુજરાતમાં છેલ્લા કેટલાક સમયથી શરુ થયેલી આંદોલનની રાજનીતિનો કોઈ નક્કર જવાબ એની પાસે નથી. અનેક યોજનાઓ અને અબજોની લહાણી પછી પણ પ્રજામત શાસક પક્ષથી નારાજ હોય એવું વાતાવરણ સરજાયું છે ત્યારે આગામી દિવસોમાં કોંગ્રેસ તરફી નહીં પણ ભાજપ વિરોધી હવા ઊભી થવાની સંભાવના નકારી શકાય એમ નથી. એક વાર મોજું ફરી વળે છે ત્યારે એને અટકાવવાનું મુશ્કેલ થઈ પડે છે. કોંગ્રેસ પર સીધેસીધા 'ખામ' થિયરી તરફ વળી હોવાના આક્ષેપો કરી પાટીદાર મતોને અંકે કરવાની ભાજપની રાજનીતિ કેટલી કારગત નીવડશે તે પ્રશ્ન છે. એમાં પણ યુવા નેતાઓ વિરુદ્ધ થનારી કોઈ પણ પ્રકારની કાર્યવાહી તો બૂમરેંગ જ થવાની સાંભવના છે. ભાજપ ફક્ત વડાપ્રધાન નરેન્દ્ર મોદીનાં ભાષણોના ભરોસે ૧૫૦ થી વધુ બેઠકો મેળવી શકે એ વાતમાં માલ નથી.

# તુલસી એક : ગુણ અનેક!

અમર વારસો
ડૉ. રશ્મિકાન્ત મહેતા

ધર્મ અને આરોગ્ય - બંને રીતે તુલસીનું મહત્ત્વ અપાર છે, અતુલ્ય છે. 'તુલસી'નો અર્થ જ છે - 'તુલાસ્યતિ'. બીજા કોઈની તુલના આની સાથે ન થાય. તુલના ને શમાવી દે.

સંસ્કૃતમાં તુલસીનાં નામો છે - સુરસા, ગ્રામ્યા, સુલભા, બહુમંજરી, અપેતરાક્ષસી, દેવદુંદુભિ, શૂલઘ્નાવૃન્દા, પત્રપુષ્પા, વિષ્ણુપ્રિયા, ગૌરી, સુરવલ્લભી વગેરે.

પ્રાદેશિક ભાષાઓમાં એમના નામો છે - તુલસ, થુલસી, એરેડ, તુલસી.

વિદેશી ભાષાઓ એનાં નામો છે - રેહાન, ઉલ્સી, બાદરુત, ઓસીમન, સેંકટમ્, હોલી-બાસિલ, બાસિલિક્ય, બાસિલિકોન, બેઝિલિસ્કા, બાસિલ એન્કોર્ટ.

ભારતમાં નવ જાતની તુલસી છે. આમાં ત્રણ જાત વિદેશી કુળની છે. સામાન્ય જનતામાં બે વધુ લોકપ્રિય છે - રામ અને શ્યામ. આમાં ઔષધ તરીકે શ્યામ તુલસી વધુ ઉપયોગી છે.

ભારતીય પરંપરામાં તુલસીનું મહત્ત્વ અનેક રીતે છે :

(૧) વૈકુંઠધામમાં શ્રી હરિ તુલસીનાં આભૂષણ ધારણ કરે છે. અહીં મંદાર, પારિજાતક વગેરે દેવપુષ્પો છે. પરંતુ આ બધાંની સુવાસ કરતાં, એમને તુલસીની સુવાસ જ વધુ પ્રિય છે - શ્રીમદ્ ભાગવત્.

(૨) દેવો અને દાનવોએ ક્ષીરસાગરનું મંથન કર્યું. એમાંથી અમૃતભરેલો કળશ નીકળ્યો. વિષ્ણુ આ જોઈને પ્રસન્ન થયા. એનાં નેત્રોમાંથી હર્ષના અશ્રુ સર્યા, તે કુંભમાં કર્યાં. એમાંથી તુલસી પ્રગટ્યા. લક્ષ્મી પણ સમુદ્રમાંથી પ્રગટ્યા હતા. દેવોએ પ્રસન્નતાથી તુલસી અને લક્ષ્મી વિષ્ણુને અર્પણ કર્યા - સ્કંદપુરાણ

(૩) નર્મદાનું દર્શન, ગંગામાં સ્નાન અને તુલસીપત્રનો સ્પર્શ - એક સરખી રીતે સૌ કોઈને પવિત્ર કરે છે તુલસીની સુગંધ વાળો પવન જયાં જાય, ત્યાં પ્રાણી માત્ર પવિત્ર થાય છે - પદ્મપુરાણ.

(૪) પુષ્પોમાં શ્રેષ્ઠ તુલસી, સતી, પવિત્ર અને મનોહર છે. પાપનાં ઈંધણને બાળી નાખનારી અગ્નિ શિખા છે. પુષ્પોમાં એની તુલના બીજા કોઈ સાથે નથી; એવું વેદોમાં કહેવાતું છે. તેથી તે 'તુલસી' કહેવાય છે - દેવી ભાગવત્.

(૫) એની દીર્ઘ મંજરીઓમાં હંમેશા કેશવ રહે છે. આથી એનાં પાંદડાથી કેશરવની પૂજા કરવી. પછી ભલે તે પાંદડા નીચે પડેલાં હોય - મહાભારત.

(૬) કોઈ તુલસીના છોડને રોપે, એને ઊછેરે, એને પાણી છાંટે, એનું દર્શન કરે, એનો સ્પર્શ કરે - તો તુલસી એનાં મન વચન અને કાયાનાં પાપ બાળી નાખે છે - પુરાણ

(૭) તુલસી હેડકી, ઉધર, વિષ વિકાસ અને પડખાંના દુઃખાવાને દૂર કરે છે. એ વાત, પિત્ત અને કફના દોષો શમાવે છે. એ દુર્ગંધને દૂર કરે છે - ચરકસંહિતા

(૮) તુલસી હલકી, ઉષ્ણ, રુક્ષ અને કફનો નાશ કરનારી છે. એ કૃષિના દોષ મટાડે છે. એ અન્ન માટે રૂચિ ઉત્પન્ન કરે છે અને ભૂખ વધારે છે - ધન્વંતરિ નિઘંટુ

તુલસી એક : ગુણ અનેક...!

# રિવોલ્વર નામના ઘાતક હથિયારની શોધ કોણે કરી ?

## વિજ્ઞાનજગત

૧ દાંત અને પેઢાના કયા રોગથી પ્રભાવિત થાય છે ?
(અ) સ્કર્વી (બ) પાંડુરોગ
(ક) ગોઈટર (ડ) અસ્થમા

૨ કવૉશિયોકોર નામનો રોગ શાની ઊણપથી થાય છે?
(અ) આયોડીન (બ) સુગર
(ક) વિટામીન (ડ) પ્રોટીન

૩ કીડીના ડંખમાં કયો એસિડ હોય છે ?
(અ) એસીટીક એસિડ (બ) હાઈડ્રોકલોરીક
(ક) સલ્ફ્યુરીક (ડ) ફોર્મિક

૪ રિવોલ્વર નામના ઘાતક હથિયારની શોધ કોણે કરી ?
(અ) કોલ્ટ (બ) બુશનેલ
(ક) કેકસટન (ડ) વિલ્સ હેવીલેન્ડ કેરિયર

૫ એલિશા ઓટિસ નામના વૈજ્ઞાનિકે કઈ શોધ કરી હતી ?
(અ) અભય દીવાની (બ) લિફ્ટની
(ક) પ્રિન્ટીંગ પ્રેસની (ડ) પરમ કોમ્પ્યુટરની

૬ વિશ્વમાં સૌથી વધુ સોનું કયા દેશમાંથી મળી આવે છે ?
(અ) બ્રિટન (બ) સ્વિત્ઝર્લેન્ડ
(ક) દ. આફ્રિકા (ડ) લકઝમ્બર

૭ ડાઈ કલોરો ડાઈફિનાઈલ ટ્રાઈકલોરોઈથેન (ડીડીટી) કોનો નાશ કરવા વપરાતું હતું ?
(અ) ડેન્ગ્યુના મચ્છર (બ) જમીનના કીડા
(ક) ઉપદ્રવી કિટકો (ડ) મેલેરિયાના મચ્છર

૮ ધનવંતરી એવોર્ડ કયા ક્ષેત્રમાં અપાય છે?
(અ) તબીબી (બ) ઉદ્યોગ
(ક) ફાર્મસી (ડ) ઈલેકટ્રોનિક્સ

૯ રૉકેટ લોન્ચિંગ સ્ટેશન થુમ્બા કયા રાજયમાં આવેલ છે ?
(અ) કર્ણાટક (બ) તમિલનાડુ
(ક) કેરલ (ડ) આંધ્ર

૧૦ ડૉકટરો આજે પણ કોના નામે શપથ લે છે ?
(અ) હિપોકેટ્સ (બ) મેરી ક્યુરી
(ક) એડવર્ડ જેનર (ડ) ડૉ. હરગોવિંદ ખુરાના

૧૧ રૉકેટમાં બળતણ તરીકે કયા પ્રવાહી વાયુનો ઉપયોગ થાય છે ?
(અ) હાઈડ્રોજન (બ) મિથેન
(ક) બ્યુટેન (ડ) પ્રોપેન

૧૨ કયો ગેસ 'નોબેલ' ગેસ તરીકે ઓળખાય છે ?
(અ) રેડોન (બ) કાર્બન ડાયોકસાઈડ
(ક) ઓર્ગન (ડ) નિયોન

૧૩ સ્કોટલેન્ડના જહોન બઈર્ડએ કયા સાધનની શોધ કરી ?
(અ) ટાઈપ રાઈટર (બ) વોશિંગ મશીન
(ક) માઈક્રોવેવ ઑવન (ડ) ટેલિવિઝન

૧૪ લીંબુ - પાણીનું વૈજ્ઞાનિક ના શું છે ?
(અ) કેલ્શિયમ કલોરાઈડ (બ) કેલ્શિયમ હાઈડ્રોકસાઈડ
(ક) સોડિયમ હાઈડ્રોકસાઈડ (ડ) પોટેશિયમ કલોરાઈડ

૧૫ ભોપાલ ગેસ દુર્ઘટના (૧૯૮૪) માં કયા ઝેરીગેસના કારણે ઘટી હતી ?
(અ) એમોનિયા (બ) હિલિયમ
(ક) નાઈટ્રોજન ડાયોકસાઈડજ (ડ) મિથાઈલ આઈસો સાઈનાઈટ (મીક)

## વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા મહાનુભાવોના જન્મ દિવસ**

- **૨૬ ઓકટો. ૧૮૬૦ : વાલ્ડમેર હાફકીન :** રશિયન મહાન વૈજ્ઞાનિક. રશિયાના ઓડેસા શહેરમાં જન્મ. કોલેરા વિરોધી રસી શોધનાર ભારતમાં આવીને ૨૫ હજાર લોકોને રસી આપી હતી.
- **૨૮ ઓકટોબર : ૧૮૬૭ : ભગીની નિવેદીતા :** યુરોપનો ભોગવિલાસ છોડી ભારત આવ્યા. આજીવન ભારત રહ્યા. સ્વામી વિવેકાનંદના શિષ્યા બન્યા. મૂળનામ મિસ માર્ગારેટ નોબેલ હતું. લોકસેવા કાર્યો થકી 'ભગીની' બની ગયા.
- **૨૯ ઓકટોબર ૧૭૯૫ : જહોન કિટ્સ :** બ્રિટીશ કવિ. લંડનમાં જન્મ થયો. શેકસપિયરની પ્રતિભાનો વારસો સંભાળનાર પ્રતિભાવાન કવિ, લગ્ન જીવન નિષ્ફળ જતાં ૨૫ વર્ષની ઉંમરે આઘાતથી મૃત્યુ થયું.
- **૩૧ ઓકટોબર ૧૮૭૫ : સરદાર વલ્લભભાઈ પટેલ :** લોખંડી પુરુષ કરમસદના વતની. વકીલ થઈને ન્યાયના પક્ષે લોકો માટે લડ્યા. બારડોલી સત્યાગ્રહના આગેવાન બની અંગ્રેજોને ઝુકાવ્યા. ભારતની એકતાના શિલ્પી. ૧૯૫૦માં અવસાન થયું.
- **૩૧ ઓકટોબર ૧૯૧૯ : જયકૃષ્ણ હરિવલ્લભદાસ :** પાટીદાર સમાજના અગ્રણી ઉદ્યોગપતિ, માનવતાવાદી, પરમાર્થી અને જાહેરજીવનને ગૌરવવંતુ બનાવ્યું. ૨૦૦૧માં અવસાન થયું.
- **૧ નવેમ્બર ૧૯૦૯ : ચિનુભાઈ ચીમનલાલ 'મેયર' :** અમદાવાદને અધ્યતન બનાવવામાં ફાળો આપનાર. સંગીતના શોખીન. ભક્તિ સંગીત તેમનો રસનો વિષય રહ્યો.

## ગત સપ્તાહના સવાલનો જવાબ

**ભારતીય જનતા પાર્ટીની સ્થાપના કઈ સાલમાં થઈ હતી ?**

**જવાબ : ૬ એપ્રિલ, ૧૯૮૦**

## સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો

ખજાનો
અનિલ પટેલ

(૧) ઋજિત એમ. રાવલ : સે-૭ડી, ૧૨૨૨/૨
(૨) મૂળજીભાઈ પરમાર 'દધિ' : સે-૭બી
(૩) જયેન્દ્ર પ્રસાદ પાઠક : સે-૬બી
(૪) હાર્દિક એન. ભટ્ટ : સે-૨૪
(૫) નટુભાઈ દરજી : પેથાપુર
(૬) મહેશ જાદવ : ગૂજરાત વિદ્યાપીઠ
(૭) દિનકરાય એમ. જોષી : સેકટર-૪એ

## આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

**અમિત શાહના પુત્ર જયેશ શાહે કઈ ન્યૂઝ એજન્સી સામે બદનક્ષીનો કેસ દાખલ કર્યો છે ?**

**'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ,**
બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર

# હુકમ નહિ હેત સર્વોપરી બને છે



રંગ-ઉમંગ
કાનન ઓઝા

અમુક વાત પોતાને માટે હિતકાર છે કે નહિ તે નક્કી કરવાની સ્થિતિમાં બાળક ઘણીવાર નથી હોતું. એટલે દેખીતી રીતે હિતકાર ન હોય એ રીતેનું વર્તન કરવાનો ઈન્કાર કરી દે છે. આવા સંજોગોમાં બાળકને અમુક રીતે વર્તવા કે ન વર્તવા દેવાની જવાબદારી મા-બાપ તરીકે આપણા પર આવે છે.

બાળક માંદુ છે, દવા પીવાનું એને માટે જરૂરી છે, પરંતુ એને દવા કડવી લાગે છે ભાવતી નથી માટે એ દવા પીવાની ના પાડે છે નિશાળ એને માટે હજી નવી નવી છે. ત્યાં જવાનું શરુ થયું એટલે એનાં કેટલાક બાદશાહી સુખો પર કાપ આવ્યો છે પરિણામે એ શાળા જવાની ના પાડે છે. નિશાળે જવા માટે આપણે એને મહાપરાયે તૈયાર કરીએ છીએ. ત્યારે એ ગણવેશ પહેરવાની ના પાડે છે. એને શરદી થઈ છે, પણ બહાર વરસાદ પડે છે. એમાં એને નાહવું છે, એટલે એ પલળવા માટે જીત પકડે છે. બાળક માટે લેસનનો અમુક સમય મુકરર કરેલો છે મોટે ભાગે એ સમયે એને રમવા જવું હોય છે. એની મરજી ના મંજૂર થાય. તો એ વધારે બળપૂર્વક હઠ પકડે છે, આમ છતાં એનો વિજય નથી થતો ત્યારે ભલે રમવા જવા ન દો. પણ લેસન તો નહિ જ કરું એવું વલણ અખત્યાર કરી પરાજયનું વેર વાળે છે. આ તો માત્ર ઉદાહરણો છે પરંતુ આવા અનેક પ્રસંગો આવીને ઊભા રહે છે. જયારે બાળકના પોતાના હિતની વાત હોય તોયે એ પ્રમાણે વર્તવાનો ધરાર હિતની વાત હોય તોયે એ પ્રમાણે વર્તવાનો ધરાર ઈન્કાર કરી દે છે અને અહિતકર હોય તોયે અમુકતમુક જીદ છોડતું નથી. મા-બાપ તરીકે આપણી કેટલીક આકરી કસોટીઓ થાય છે. તેમાંથી આ એક ઘણી મોટી કસોટી છે. આવે વખતે સામાન્ય રીતે આપણે શું કરીએ છીએ? ઘણા ખરા કિસ્સાઓમાં તો બાળકોએ પાળવાની શિસ્તતા કે એની વર્તનના જડબેસલાક નિયમો અમલમાં હોય છે. આ નિયમો ને ચાતરવાની પરવાનગી કોઈ પણ સંજોગોમાં મળી શકતી નથી. કેટલાક મા-બાપ પ્રસંગ પ્રમાણે વટહુકમ ઈસ્યુ કરીને કામ લે છે કેટલાંક શરુઆત સમજાવટથી કરે છે, પણ થોડી જ વારમાં એમનાં ધેર્યનો અંત આવી જાય. ખરી રીતે બાળક પાસે કરાવવું હોય કોઈ પણ કાર્ય એને ગળે ઉતરાવીને જાણ કરાવવું જોઈએ. પોતે અમુક કામ શા માટે કરવું જોઈએ કે ન કરવું જોઈએ એ સમજવાનો બાળકનો અધિકાર છે. આ અધિકાર આપણે માન્ય કરવો જોઈએ.

બાળક જયાં સુધી દલીલ કરવાનું ચાલુ રાખે ત્યાં સુધી એનાં પ્રત્યુત્તરો સાચા પ્રત્યુત્તરો આપવા જોઈએ. બાળક સમજી શકે એવી ભાષામાં આપવા જોઈએ. પૂરા પ્રેમથી આપવા જોઈએ. આપણને જવાબ ન સુઝે કે આપણી ધીરજ પુરી થાય એટલે તરત ધમકાવીને બાળકને મુંગુ કરી દેવાનું સહેલું છે. પણ બાળકના કોમળ ચિતને આવા વલણથી પારાવાર નુકશાન થાય છે. બાળક અનુસાર બનીને અમુક કામ કરવા - ન કરવા. સ્વેચ્છા એ તૈયાર થાય ત્યાં સુધી બાળક સાથેનો સંવાદ ચાલવો જોઈએ. બાળકના સંવાદો સમજવા વિકાસની આ અનિવાર્ય શરત છે. એ આપણે યાદ રાખવાનું છે. આ રીતે ઉછરેલા બાળકનાં જીવનમાં તર્કની સચ્ચાઈની આપોઆપ પ્રતિષ્ઠા થશે. આવું બાળક મોટું થઈને લોકશાહી યુક્ત વલણ અપનાવશે.

લાગે છે ને કે, બાળઉછેર એ જીવનનું ઘણું મોટું તપ છે!

## વિસરાતી વાનગી



### બાજરીની બરફી

સામગ્રી
બાજરી ૨૫૦ ગ્રામ
ઘી બે ચમચી
ખાંડ ૩૦૦ ગ્રામ
કાજુ, બદામ, એલચી, જાયફળ, ખસખસ,
કોપરાની છીણ, ગાર્નીશ માટે ગુલાબની પાંદડી

રીત : સૌ પ્રથમ બાજરીને વીણીને સાફ કરી. પછી તેને ૭ થી ૮ કલાક માટે પલાફો પછી ૮ કલાક બાદ તેમાંથી પાણી નિતારી ચારણીથી પાણી નીતારી લો. ત્યારબાદ કોરા કપડાંથી લૂંછી લો પછી તેને ખાંડણીમાં ખાંડીને ફોતરાને સૂપડા વડે ફોતરા ઉડાડી દો પછી તેને બાફી લે પછી ઠંડી કરીને પાછી ખાંડણીમાં અથવા તો મિક્ષર જારમાં સાધારણ ફેરવીને કશ કરી લો પછી એક પેનમાં થોડુંક ઘી મુકીને તેને સાંતળો (શેકો) પછી પિંક કલર થાય એટલે તેમાં ગરમ કરેલું દૂધ નાખો અને સીજીને ઘી છૂટું પડે એટલે ખાંડ ઉમેરો અને શીરા જેવું લચકા પડતું થાય એટલે તેમાં ૧ વાટકો મલાઈ નાખો અને તેનું પણ દૂધ બળી જાય એટલે તેમાં ડ્રાયફ્રુટનો ભુકો ઉમેરો પછી એલચી, જાયફળનો ભુકો ઉમેરો પછી લીલા કોપરાંની છીણ નાંખો તેમ હોય તો સૂકા કોપરાની છીણ નાખી શકાય પછી તે પેનમાં ગોળો ફરે એટલે તેને નીચે ઉતારી ઘીથી ગ્રીસ કરેલી થાળીમાં ઠાળી દો પછી ઠળી જાય એટલે તેના મનપસંદ ચોસલા પાડો અને ૧૦ મિનિટ માટે ફ્રિઝમાં ઠંડુ કરવા માટે મુકો પછી તેને બહાર કાઢીને પિસીસ કરો અને ઉપરથી ડ્રાયફ્રુટથી ગાર્નીશીગ કરો. ગુલાબની પાંદડી અને કોપરાંની છીણથી ગાર્નીશ કરો.